| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૫/૦૫/૨૦૨૦ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૮૫૨/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૪/૦૫/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૮૨૮૧ | ૧૩ | ૮૨૯૪ | ૧૪૨૯૦ | ૨૨ | ૧૪૩૧૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૧૩૦ | ૧૯ | ૪૧૪૯ | ૫૬૩૪ | ૨૧ | ૫૬૫૫ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૨૪ | ૦ | ૨૪ | ૧૯૦ | ૦ | ૧૯૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૫૯૨૫ | ૨૨૩ | ૬૧૪૮ | ૬૬૧૨ | ૨૫૪ | ૬૮૬૬ |
| કુલ | | ૧૮૩૬૦ | ૨૫૫ | ૧૮૬૧૫ | ૨૬૭૨૬ | ૨૯૭ | ૨૭૦૨૩ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૮૧ | ૧,૪૭,૩૦૦/- |

# જાહેરનામાનો ભંગ કરતા આરોપીઓની અટકાયતની વિગત

**સરદારનગર પોલીસ સ્ટેશન :-**

## COVID-19 વાયસર અનુસંધાને મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના જાહેરનામાનો ભંગ કરતા અલગ અલગ ૧૨ ગુનામા કુલ ૨૧ ઇસમોની અટકાયત કરતી સરદારનગર પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રીસેક્ટર-૨, નાઓ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ સાહેબ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી 'જી' ડિવીઝન અમદાવાદ શહેર તથા સિનિ. પોલીસ ઇન્સ્પેક્ટર એચ.બી.પટેલ સા. નાઓની સુચનાથી હાલમાં વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ હોય તેમજ ભારતમાં પણ COVID-19 ના કેસો નોંધાયેલ હોય તેમજ હાલ મા અમદાવાદ શહેર વિસ્તાર તેમજ વસ્તીની દ્રષ્ટીએ ગીચ એન ભીડભાડ વાળો હોઇ નોવેલ કોરોના વાયસ ઝડપથી સંક્રમણ ધ્યાને લેતા લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગાલ રૂપે લોકોની વધુ અવર –જવરવાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ તેમજ કોઇપણ જગ્યાએ ચાર કરતા વધુ માણસો ભેગા ન થાય તે સારૂ ગુજરાત સરકારના ગ્રુહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ નોટીફિકેશન નં.જીજી/૪૨૨/સીઆસી/૧૦૮૨/એમ તથા ગ્રુહ વિભાગ તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/ફકા/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે જાહેરનામા ક્રમાંક વિશા/જાહેરનામુ/એ-સેકશન/પરમીટ-૨૨/૨૦૨૦ તા.૧૯/૦૫/૨૦૨૦ થી જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો મળે આવતા તેમના વિરુધ્ધ તારીખ.૨૪/૦૫/૨૦૨૦ ના રોજ ધી.ઇ.પી.કો કલમ ૧૮૮ તથા જીપીએક્ટ કલમ -૧૩૫ તથા એપેડમીક ડીસીઝ એક્ટ કલમ ૩ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

કુલ્લે –૧૨ કેસ કરવામા આવેલ છે
ઉપરોક્ત ગુના પૈકી બે કે ત્રણ આરોપી હોય તેવા કેસ = ૧૨

## આરોપીઓના નામ સરનામા –

(૧) નીતેશ દીલીપભાઇ જાતે- વગાસીયા ઉ.વ.૩૦ રહે,મ.નં.સી/૧૦૫ એપલ રેસીડન્સી ખોડીયાર માતાના મંદિરની પાછળ નિકોલ અમદાવાદ શહેર +૨૦=૨૧

## આરોપીના ફોટા :-



## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :-

## COVID-19 વાયરસ અનુસંધાને મહે.પોલીસ કમિશ્નર શ્રીની કચેરીના જાહેરનામાનો ભંગ કરતા ૧૮-ઇસમોની અટકાયત કરી કુલ્લે-૧૮ કેસો કરતી કૃષ્ણનગર પોલીસ

મહે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “ જી ” ડિવીઝન અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.કે.રાઠોડ સાહેબ નાઓની સુચના આધારે હાલમાં વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા વૈશ્વીક મહામારી જાહેર કરેલ હોય અને ભારતમાં પણ COVID-19 ના કેશો નોધાયેલ હોય તેમજ હાલમાં અમદાવાદ ખાતે પણ શંકાસ્પદ કેશો પ્રકાશમાં આવેલ હોય અને અમદાવાદ શહેર વિસ્તાર વસ્તીની દષ્ટ્રીએ ગીચ અને ભીડભાડ વાળો હોય નોવેલ કોરોના વાયરસ જડપથી સંક્રમણને ધ્યાને લેતા લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલા રૂપે લોકોની વધુ અવરજવર વાળા જાહેર અને ખાનગી સ્થળૉએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ તેમજ કોઇપણ જગ્યાએ વ્યાજબી કારણ વગર સાંજના સાત વાગે થી સવારના સાત વાગ્યા સુધી સખ્ત કર્ફ્યુમાં ફરતો ન જણાઇ તેમજ મોટર સાઇકલ ઉપર એક થી વધુ ઇસમો સવાર ના થાય તથા સોશીયલ ડિસ્ટન્શ મેન્ટેન કર્યા વગર ગ્રાહકોને ભેગા કરી તથા સ્કેનીગ કાર્ડ વગર વેપાર ધંધો ચાલુ ન રાખવા મોબાઇલ ગાડીઓ દ્વારા વારંવાર લાઉડ સ્પીકર દ્વારા સુચનાઓ આપેલ હોવા છતા આજરોજ તા.૨૪/૦૫/૨૦૨૦ ના રોજ લોકડાઉન ના દિન-૬૧ ને લઇને સવારના ક.૦૭/૦૦ થી પોલીસ સ્ટેશન વિસ્તારમાં અલગ-અલગ જગ્યાઓએ રોડ ઉપર જાહેરમાં સખ્ત કર્ફ્યુમાં તથા મો.સા. ઉપર તથા સોશીયલ ડિસ્ટન્શ મેન્ટેન કર્યા વગર ગ્રાહકોને ભેગા કરી તથા સ્કેનીગ કાર્ડ વગર વેપાર ધંધો ચાલુ રાખી ૧૮-ઇસમો મળી આવેલ અને તેઓ તમામે મહે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર ની કચેરીના જાહેરનામાં ક્માંક/વિ.શા/એ-સેકશન/પરમીટ/૨૨/૨૦૨૦ તા.૧૯/૦૫/૨૦૨૦ નો ભંગ કરતા અલગ-અલગ કુલ્લે ૧૮-ઇસમો ની અટક કરી તેઓના વિરૂધ્ધમાં ધી.ઇ.પી.કો.કલમ-૧૮૮ તથા એપેડેમીક ડીસીઝ એકટ ૧૮૯૭ ની કલમ ૦૩ તથા ડિઝાસ્ટર મેનેજમેન એકટ ૨૦૦૫ ની કલમ ૫૧(બી) મુજબ કુલ્લે-૧૮ કેસો કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે તા.૧૮/૦૫/૨૦૨૦

## આરોપીઓના નામ:-

કિશોરભાઇ બાબુભાઇ જાતે વોરા ઉ.વ. ૪૬, રહે. એ/૨૦૧, શિવાલય ફ્લેટ ગંગોત્રી સર્કલ નિકોલ અમદાવાદ શહેર + ૧૭ = ૧૮

## <u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારી</u>

શ્રી જે.બી.ચૌહાણ પોલીસ સબ ઇન્સ્પેક્ટર તથા સાથેના સ્ટાફના માણસો અ.હે.કો. કલ્પેશભાઇ રણછોડભાઇ બ.નં. ૫૦૭૧ તથા લોકરક્ષક કાનુભા જગદીશસિંહ બ.નં.૭૦૯૮ તથા લોકરક્ષક સતીષભાઇ જેન્તીભાઇ બ.નં. ૫૩૧

## <u>આરોપીઓનો ફોટો</u>



## ઇસનપુર પોલીસ સ્ટેશન

## કોરોના બિમારીની મહામારીમા કારણવગર બહાર આટાફેરા કરતા ૦૧ ઇસમ વિરૂધ્ધમા મે.પોલીસ કમિશ્નર સાહેબના જાહેરનામા ભંગના કુલ-૦૬ કેસ કરતી ઇસનપુર પોલીસ

હાલમા વિશ્વમા કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇજેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ હોય અને સરકાર શ્રીએ લોકડાઉન જાહેર કરેલ હોય અને અમદાવાદ શહેર વસ્તીની દ્રષ્ટીએ ગીચ અને ભીડભાડવાળુ હોય નોવેલ કોરોના વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતા લોકોની સુરક્ષા ખાતર મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેરનાઓએ સી.આર.પી.સી કલમ ૧૪૪ મુજબનુ જાહેરનામુ બહાર પાડેલ હોય લોકડાઉનનુ પાલન થાય અને મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રીના જાહેરનામાનો ભંગ થતો અટકાવવા માટે પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ તથા પો.સબ.ઇન્સ આર.આર ગળચર તથા એ.એસ.આઇ. પી.આર.ચાવડા તથા સ્ટાફ નાઓએ આજરોજ તા.૨૪/૦૫/૨૦૨૦ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગ દરમ્યાનમા પેટ્રોલીંગ ફરતા ફરતા જુદા-જુદા વિસ્તારમાથી લોકડાઉન હોવા છતા અને મે.પોલીસ કમિશ્નર સાહેબનુ જાહેરંનામુ અમલમા હોવા છતા કોઇ સત્તાધીકારીની મંજુરી મેળવ્યા વગર જાહેરમા આટાફેરા કરતા ઇસમો (૦૧) સાહીદ અબ્દુલ રહેમાન શાહ ઉ.વ. ૨૦ રહે ૧૨૩ નો ગાળો ઇંડસ્ટ્રીઝ એસ્ટેટ મચ્છી માર્કેટ રખીયાલ અમદાવાદ શહેર + ૧ = ૨ તથા શોસિયલ ડિસ્ટન્સ જાળવ્યા વગર અને હેલ્થ સ્કીનીગ કાર્ડ મેળવ્યા વગર દુકાન ચાલુ રાખતા (૧) અફઝલ ઇકબાલ છીપા ઉ.વ.૨૬ રહે ગની છીપાની ચાલી દાણીલીમડા અમદાવાદ શહેર (૨) અફઝલભાઇ ઉસ્માનભાઇ હવેજ (મેમણ ) ઉ.વ. ૩૧ રહે મ.ન. ૧૦૪ રસુલાબાદ શાહ આલમ ઇસનપુર અમદાવાદ શહેર (૩)અકરમ અબ્દુલહમીદ કુરેશી ઉ.વ. ૩૮ મ.ન. ૧૨ સેખુ ભાઇ ની ચાલી મીલ્લતનગર ઇસનપુર અમદાવાદ શહેર (૪ ) ફારુકભાઇ શેખલાલ શેખ ઉ.વ. ૫૦ રહે મ્યુનશીનગર મીલ્લતનગર ઢાળ પાસે ઇસનપુર અમદાવાદ શહેર (૫) હમીદખાન મોહમદ હાસીન પઠાણ ઉ.વ. ૬૦ રહે મ.ન. ૨૩ દોશપાર્ક સો.સા. નુર નગર પાસે વટવા અમદાવાદ શહેર (૬) તોફીક જીગરભાઇ મેમણ ઉ.વ. ૨૭ રહે મ.ન. ૧૦૯ પ્રભુ નગર વીભાગ દાણીલીમડા અમદાવાદ શહેર નાઓને પકડી પાડી મે પોલીસ કમિશ્નર સાહેબ.શ્રી અમદાવાદ શહેરનાઓના જાહેરનામા ભંગના કુલ-૦૭ કેસ કરવામા આવેલ છે તારીખ.૨૪/૦૫/૨૦૨૦

## નરોડા પોલીસ સ્ટેશન :-

# COVID-2019 વાયરસ અનુસંધાને મે.પોલીસકમીશ્નરશ્રી અમદાવાદ શહેરના જાહેરનામાનો ભંગ કરતા અલગ અલગ કુલ ૧૬ ગુનામાં કુલ ૩૦ ઇસમોની અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી જી-ડિવીઝન તથા સિનિ.પોલીસ ઈન્સપેકટર જે.જી.પટેલ સા.ની સુચના આધારે હાલમાં વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ COVID-2019 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇજેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ હોય તેમજ ભારતમાં પણ COVID-2019 ના કેસો નોધાયેલ હોય તેમજ હાલમાં અમદાવાદ ખાતે પણ શંકાસ્પદ કેસો પ્રકાશમાં આવેલ હોય તેમજ અમદાવાદ શહેર વિસ્તાર તેમજ વસ્તીની દ્રષ્ટીએ ગીચ અને ભીડભાડવાળો હોઇ નોવેલ કોરોના વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતા લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલા રૂપે લોકોની વધુ અવર-જવરવાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ તેમજ કોઇપણ જગ્યાએ ચાર કરતા વધુ માણસો ભેગા ન થાય તે સારૂ ગુજરાત સરકારના ગ્રુહ વિભાગના તા-૦૮/૧૧/૧૯૮૨ નોટીફીકેશન નં-જીજી/૪૨૨/સીઆર્સી/૧૦૮૨/એમ તથા ગ્રુહ વિભાગ તા-૦૭/૦૧/૧૯૮૯ના સંકલીત જાહેરનામા નં-જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અંવયે જાહેરનામા ક્રમાંક:વીશા/જાહેરનામુ/એ-સેક્શન/પરમીટ-૨૦/૨૦૨૦ તા-૦૩/૦૫/૨૦૨૦ થી જાહેર નામાનો ભંગ કરનાર ઇસમો મળી આવતા તેમના વિરૂધ્ધમા આજરોજ તા.૨૨/૦૫/૨૦ ના રોજ ધી ઇ.પી.કો કલમ-૧૮૮ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫ તથા એપેડમિક ડેસીજ એક્ટ કલમ-૩ તથા ડિઝાસ્ટર મેનેજમેંટ એક્ટ (૨૦૦૫) ની કલમ ૫૧(બી) મુજબ કાયદેસરની કાર્યવાહી કુલ અલગ અલગ ૧૬ કેસ કરવામાં આવેલ જેમાં કુલ ૩૦ આરોપીઓને પકડી અટક કરવામા આવેલ છે. ૧૮૮ મુજબ કુલ ગુના -૧૬ જેમાં કુલ ૩૦ આરોપીઓ અટક કરવામાં આવેલ છે.

**આરોપી નામ સરનામા** :-

(૧) ભવાનજી સ/ઓ જંયતીજી ઠાકોર ઉવ.૪૨ રહે.ગામ-તારાપુર તા.જી.ગાંધીનગર + ૨૯ = ૩૦
ઉપરોક્ત ગુનામાં મોટર સાયકલ ઉપર બે સવારી કરી મ.પો.ક્મીશ્રીના જાહેરનામા નો ભંગ કરતા કુલ ૧૪ ગુના દાખલ કરી ૨૮ આરોપી અટક કરવામાં આવેલ છે.

હેલ્થ કાર્ડ ના ધરાવાતા કરીયાણાના વેપારીઓ સામે બે ગુના નોધવામાં આવેલ છે

**કામગીરી કરનાર અધિકારીશ્રી/કર્મચારી –**

પો.સ.ઇ.ડી.કે.મોરી,પો.સ.ઇ.એસ.એમ.ઠાકોર,પો.સ.ઇ.એ.એમ.પટેલ,પો.સ.ઇ.કે.બી.રાઠોડ,પો.સ.ઇ. જે.જી.કામળીયા, પો.કો.પંકેશભાઇ ધનાભાઇ બ.નં.૪૦૫૬ તથા પો.કો.વિષ્ણુભાઇ હિરાભાઇ બ.નં.૧૩૧૮૩,પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯, પો.કો.પ્રદિપઅકુમાર રામાભાઇ બ.નં-૧૦૩૬૧ એલ.આર. મયુરધ્વજસિંહ અનીરુધ્ધસિંહ બ.નં.૧૪૬૭ એલ.આર. વિક્રમસિંહ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨.

## **એરપોર્ટ પોલીસ સ્ટેશન :-**

## **નોવેલ કોરોના વાયરસ COVID-19 અનુસંધાને લોક ડાઉન દરમ્યાન CRPC કલમ-૧૪૪ ના જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ કાર્યવાહી કરતી એરપોર્ટ પોલીસ**

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨, નાઓ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ સાહેબ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ' જી ' ડિવીઝન અમદાવાદ શહેર નાઓની સુચનાથી હાલમાં વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ હોય તેમાજ ભારતમાં પણ COVID-19 ના કેસો નોંધાયેલ હોય તેમજ અમદાવાદ શહેરમાં પણ કેસો નોંધાયેલ હોય જે અનુસંધાને તકેદારીના પગલા રુપે લોકોની વધુ અવર જવરવાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટ્કાવવા સારુ તેમજ લોકો વ્યાજબી કારણ સિવાય રોડ ઉપર ફરે નહિ તે સારુ પેટ્રોલીંગ દરમ્યાન મોબાઈલ ગાડીઓ દ્વારા જાહેર જનતાને કોરોના વાયરસ બાબતે લાઉડ સ્પીકરથી સુચનાઓ આપેલ જેમાં શાકભાજી તથા કરીયાણાની દુકાનો તેમજ ફેરીયાઓથી સુપર સ્પ્રેડર્સ તરીકે કોરોનાનુ સંક્રમણ વધારે પ્રમાણમાં થતા સરકાર શ્રી દ્વારા આવા ફેરીયાઓ તેમજ દુકાનદારો માટે જરુરી ગાઈડ લાઈન નક્કી કરી હેન્ડ સેનેટાઈઝર તથા હાથ મોજા તથા માસ્ક તથા હેલ્થ સ્કીનીગ કાર્ડનો ઉપયોગ કરવાનો તેમજ સોસીયલ ડીસ્ટેંસીંગનુ પાલન કરાવવાનો નિયમનુ ફરજીયાત લાગુ કરેલ હોવા છતા કેટલાક વેપારીઓ તથા ફેરીયાઓ તેમજ ટુ વ્હીલર વ્હીકલ ઉપર એક વ્યક્તિ તથા ફોર-વ્હીલર ગાડીમાં ડ્રાઈવર સાથે બે વ્યક્તિઓએ મુસાફરી કરવાની હોય જેઓએ આ નિયમોનુ પાલન નહિ કરી મે.પોલીસ કમિશ્નર શ્રીની કચેરીના જાહેરનામા ક્રમાંક- વિ.શા/જાહેરનામુ/એ/સેકશન/પરમીટ/૨૨/૨૦૨૦ તા.૧૮/૦૫/૨૦૨૦ નો ભંગ કરનાર કુલ- ૨૦ ઈસમોને અટક કરી તેમના વિરુધ્ધમાં ઈ.પી.કો.કલમ-૧૮૮ તથા ધી એપેડમીક ડીસીઝ એક્ટ ૧૮૯૭ ની કલમ-૩ તથા ધી ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ ની કલમ-૫૧(બી) મુજબ અલગ અલગ જાહેરનામા ભંગના કુલ-૧૧ કેસો કરેલ છે. જે પૈકી ૦૨ કેસો શાકભાજીની લારીઓના હેલ્થ કાર્ડ કરેલ છે તથા ૦૯ કેસો ટુ વ્હીલર ચાલકોના કરેલ છે.

## **આરોપીઓના નામ-:**

(૧) પ્રકાશ S/O ભાગચંદ ગુલાણી ઉ.વ.૨૧ રહે- મ.નં ૩૫૫/બી , સિંધી કોલોની, બગીચાની પાછળ, સરદારનગર અમદાવાદ શહેર (૨) ભાગચંદ S/O મૂળચંદ ગુલાણી ઉ.વ.૪૫ રહે- મ.નં ૩૫૫/બી , સિંધી કોલોની, બગીચાની પાછળ, સરદારનગર અમદાવાદ શહેર (૩) સુરજ S/O નામદેવભાઈ ખટવાણી ઉ.વ.૨૦ રહે- મ.નં ૧૫૪/એ, એપ્રોચના છાપરા, એરપોર્ટ સર્કલ પાસે, સરદારનગર અમદાવાદ શહેર (૪) નામદેવભાઈ S/O લુણીદોમલ ખટવાણી ઉ.વ.૪૯ રહે- મ.નં ૧૫૪/એ,

એપ્રોચના છાપરા, એરપોર્ટ સર્કલ પાસે, સરદારનગર અમદાવાદ શહેર (૫) સંજયભાઈ S/O શુગ્નોમલ કેવલરામાની ઉ.વ.૫૩ રહે- મ.નં ૫૬૨/બી, જવાહર કોલોની , એવરગ્રીન સ્કૂલ પાસે, સરદારનગર અમદાવાદ શહેર (૬) અનીલભાઈ S/O શુગ્નોમલ કેવલરામાની ઉ.વ.૫૩ રહે- મ.નં ૫૬૨/બી, જવાહર કોલોની , એવરગ્રીન સ્કૂલ પાસે, સરદારનગર અમદાવાદ શહેર (૭) લખન S/O અશોકકુમાર સોની ઉ.વ.૧૯ રહે- મ.નં ૩૪૪, રમેશદત્ત કોલોની ભીલવાસ પાણીની ટાંકી પાસે, સરદારનગર અમદાવાદ શહેર (૮) ચીરાગ S/O પરસોત્તમભાઈ મનવાણી ઉ.વ.૧૯ રહે- મ.નં ૭૮૪/૨ ભીલવાસ આંબાવાડી ચાર રસ્તા પાસે, સરદારનગર અમદાવાદ શહેર (૯) ઉષાબેન W/O વિનોદભાઈ પટણી (અગેનીવાળા) ઉ.વ.૩૦ રહે- જયશક્તીનગરના છાપરા, નર્સરીની પાછળ, હાંસોલ, સરદારનગર, અમદાવાદ શહેર (૧૦) લીલાબેન W/O નગીનભાઈ પટણી (હડુસીયાવાળા) ઉ.વ.૫૦ રહે- ડાયમંડ ફ્લેટની પાછળ, હાંસોલ, સરદારનગર, અમદાવાદ શહેર (૧૧) રોની S/O ફ્રાન્સીસ ક્રિશ્ચીયન ઉ.વ.૧૯ રહે- મ.નં ૬૯/૬ , જીવાભાઈ પરમારના મકાનમાં , ભીલવાસ પાણીની ટાંકી પાસે, સરદારનગર અમદાવાદ શહેર (૧૨) હરુ S/O કિરણભાઈ અડવાણી ઉ.વ.૧૯ રહે- મ.નં ૬૧૦/૪, જવાહર કોલોની , એવરગ્રીન સ્કૂલ પાસે, સરદારનગર અમદાવાદ શહેર (૧૩) સન્ની S/O અશોકભાઈ શર્મા ઉ.વ.૨૨ રહે-મ.નં.૧૧૭/બી, સિંધી કોલોની, સી.જી.સ્કુલની સામે, હાંસોલ, સરદારનગર, અમદાવાદ શહેર (૧૪) સુરજ S/O રાજકુમાર ગુરનાણી ઉ.વ.૨૧ રહે- મ.નં.૪૭૩, અશોક હોલ, ગોપી એવન્યુ સામે, સરદારનગર, અમદાવાદ શહેર (૧૫) સુંદરદાસ S/O નીચલદાસ સાધાણી ઉ.વ.૩૪ રહે-મ.નં.૯૭/એ, સિંધી કોલોની, સી.જી.સ્કુલની સામે, હાંસોલ, સરદારનગર, અમદાવાદ શહેર (૧૬) મુકેશકુમાર S/O ટોપણમલ મુજર ઉ.વ.૨૩ રહે- મ.નં.૬૨૫/૩, જવાહર કોલોની, સરદારનગર, અમદાવાદ શહેર (૧૭) રાજકુમાર S/O ભોજરાજ રંગવાણી ઉ.વ.૩૦ રહે-૭૬, મહારથી સોસાયટી, સરદારનગર, અમદાવાદ શહેર (૧૮) કમલેશ S/O ભોજરાજ રંગવાણી ઉ.વ.૩૫ રહે-૭૬, મહારથી સોસાયટી, સરદારનગર, અમદાવાદ શહેર (૧૯) દિપક S/O મનશારામ પાલ ઉ.વ.૨૪ રહે-મ.નં.૩૪, રબારીવાસ, એરપોર્ટ છાપરા, સરદારનગર, અમદાવાદ શહેર (૨૦) વિક્રમજીત S/O હરિરામ પાલ ઉ.વ.૨૪ રહે- મ.નં.૩૪, રબારીવાસ, એરપોર્ટ છાપરા, સરદારનગર, અમદાવાદ શહેર

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :

(૧) પોલીસ ઈન્સ્પેક્ટર કે.સી.રાઠવા (૨) પો.સ.ઈ. જે.જે.ચૌધરી (૩) મ.સ.ઈ. સુરેશભાઈ લક્ષ્મણભાઈ બ.નં ૭૯૩૩ (૪) અ.હે.કો. રમેશભાઈ મંગળભાઈ બ.નં ૯૫૧૪ (૫) અ.પો.કો. અલ્પેશસિંહ પ્રવીણસિંહ બ.નં ૮૬૯૦ (૬) અ.પો.કો. શક્તિસિંહ મહાવીરસિંહ બ.નં ૪૫૯૭ (૭) અ.પો.કો. અલ્પેશસિંહ ભવાનસિંહ બ.નં ૪૧૪૦ (૮) અ.પો.કો. ગણેશભાઈ ધર્માભાઈ બ.નં.૭૧૮૭ (૯) અ.પો.કો. જગદીશભાઈ જયંતીભાઈ બ.નં ૮૪૯૩ (૧૦) અ.પો.કો. બળવંતસિંહ કનુસિંહ બ.નં ૩૧૧૫ (૧૧) અ.લો.ર. પ્રવીણભાઈ દીતાભાઈ બ.નં ૮૮૯૪

# પાસાના આરોપીની અટાકયતની વિગત

## એરપોર્ટ પોલીસ સ્ટેશન :-

## છેલ્લા ઘણા સમયથી પાસા હેઠળ અટકાયત ટાળવા નાસતા ફરતા આરોપીની ધરપકડ કરતી એરપોર્ટ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબતથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'જી'ડીવીઝન, અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.વિસ્તારમાં શરીર સબંધી બનાવો અટકાવવા તથા આવા બનાવોમા પકડાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સશ્રી કે.સી.રાઠવાનાઓએ ગઇ તા-૧૮/03/૨૦૨૦ ના રોજ મે.પો.કમિસાશ્રીનાઓના તરફ આરોપી વિશાલ ઉર્ફે વિક્કી રાજુ ગેન્ડી રૂપચંદ ક્રિષ્નાણી નાઓ વિરુધ્ધ પાસા દરખાસ્ત પાઠવેલ જે પાસા દરખાસ્ત અનુસંધાને મે પોલીસ કમિશ્રી નાઓના હુકમ ક્રમાંક-PCB/DTN/PASA/૩૦૨/૨૦૨૦ મુજબનો પાસા અટકાયતી વિશાલ ઉર્ફે વિક્કી રાજુ ગેન્ડી રૂપચંદ ક્રિષ્નાણી, ઉ.વ-૨૭, રહે-૩૬૦/એ સિંધી કોલોની સરદારનગર બગીચા પાછળ સરદારનગર અમદાવાદ શહેર નાનો પોતાની પાસા હેઠળ અટકાયત ટાળવા નાસતો ફરતો હોઇ જે આરોપીને પકડી પાડવા પો.ઇન્સશ્રી કે.સી.રાઠવાનાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કવૉડના પો.સબ.ઈન્સ. શ્રી જે.જે ચૌધરી તથા સ્ટાફના માણસોએ સદરી આરોપીની આજરોજ તા-૨૪/૦૫/૨૦૨૦ ના રોજ ધરપકડ કરેલ હોઇ સદરી આરોપીને નામદાર કોર્ટના હુકમ આધારે કોરોના ટેસ્ટ કરાવી કોરોના રીપોર્ટ આવ્યેથી આરોપીને સુરત જેલ ખાતે મોકલી આપવા નોંધ રાખી જરૂરી તજવીજ કરેલ છે.

**આરોપીઓનું નામ**: વિશાલ ઉર્ફે વિક્કી રાજુ ગેન્ડી રૂપચંદ ક્રિષ્નાણી, ઉ.વ-૨૭, રહે-૩૬૦/એ સિંધી કોલોની સરદારનગર બગીચા પાછળ સરદારનગર અમદાવાદ શહેર

**આરોપી વિરુધ્ધ દાખલ થયેલ ગુનાઓ** (૧) એરપોર્ટ પો.સ્ટે. ફ.ગુ.ર નં-૪/૧૯ ધી ઇપીકો કલમ-૩૨૪, ૨૯૪ (ખ), ૧૧૪ તથા જી.પી એક્ટ કલમ- ૧૩૫(૧) મુજબ (૨) એરપોર્ટ પો.સ્ટે. પાર્ટ એ-૧૧૧૯૧૦૪૬૨૦૦૧૧૫/૨૦૨૦ ઇ પી કો કલમ-. ૩૯૭,૪૫૨, ૪૨૭, ૫૦૬(૨), ૨૯૪(ખ),૧૨૦(બી),તથા જી.પી.એકટ ૧૩૫(૧) તથા (૩) એરપોર્ટ પો.સ્ટે પાર્ટ એ-૧૧૧૯૧૦૪૬૨૦૦૧૧૬/૨૦૨૦ ઇ પી કો કલમ-. ૩૦૭,૩૬૪,૩૯૭,૪૨૭,૪૫૨,૧૨૦(બી),૫૦૬ (૨), ૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫(૧) મુજબ

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:

(૧) પો.સબ.ઈન્સ. શ્રી જે.જે.ચૌધરી.પ્રજાપતિ

(૨) અ.પો.કો.શક્તિસિંહ મહાવીરસિંહ બ.નં.૪૧૪૦ (૩) અ.પો.કો જગદિશકુમાર જયંતીભાઇ બ નં-૮૪૯૩

## આરોપીઓનો ફોટા



# વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## રામોલ પોલીસ સ્ટેશન :-

### ગણતરીના કલાકોમાં વાહન ચોરીનો ભેદ ઉકેલતી રામોલ પોલીસ

### ચોરીએ ગયેલ મુદ્દામાલ એક્ટીવા કીમત રૂપીયા ૧૦૦૦૦/- મુદ્દામાલ સાથે બે ઈસમો ઝડપાયો

પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ આજરોજ તા:-૨૪/૦૫/૨૦૨૦ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ વી.બી.વાઘેલા તથા સ્ટાફના માણસો સાથે મીલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના **પો.કો યુવરાજસિંહ મહેન્દ્રસિંહ બ.નં.૧૧૮૮૧ તથા પો.કો મયુરભાઈ માધાભાઈ બ.નં.૯૫૨** નાઓને મળેલ સંયુક્ત બાતમી આધારે રામોલ એક્ષપ્રેસ હાઈવે સામે લોખંડના બ્રીજની નીચે જાહેરમા આરોપીઓ નં.૧ મોહમદસમીર મોહમદઈબ્રાહીમ અંસારી ઉવ:૨૦ રહે:મણીલાલની ચાલી હસનશેખ દરગાહ પાસે પન્ના એસ્ટેટ સામે ગરીબનગર ચાર રસ્તા બાપુનગર અમદાવાદ શહેર નો હોવાનુ જણાવે છે તથા નં.૨ આસીફ મહેબુબભાઈ કુરેશી ઉવ:૨૦ રહે:મણીલાલની ચાલી હસનશેખ દરગાહ પાસે પન્ના એસ્ટેટ સામે ગરીબનગર ચાર રસ્તા બાપુનગર અમદાવાદ નાઓને રામોલ પો.સ્ટે ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૪૨૦૦૬૬૧-એ ઈપીકો કલમ ૩૭૯ મુજબના કામે ચોરીએ ગયેલ એક્ટીવા નં.જીજે.૨૭.એમ.૬૩૮૨ કીમત રૂપીયા ૧૦૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી કાયદેસર કાર્યવાહી અરી અનડીટેક ગુનો શોધી કાઢેલ છે.



# વિશ્વાસઘાત અને છેતરપીંડીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## શહેરકોટડા પોલીસ સ્ટેશન

## પરપ્રાંતિય શ્રમિકો સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કરી ટોકન ટીકીટના સરકારશ્રી તરફથી નક્કી કરવામાં આવેલ ટોકન ટીકિટ કરતા વધુ પૈસાથી વેચાણ કરતા આરોપીઓને પકડી પાડતો શહેરકોટડા પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

સંયુક્ત પોલીસ કમિ.શ્રી અમીત વિશ્વકર્મા સાહેબશ્રીની સુચનાથી નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ મકરંદ ચૌહાણ સાહેબ તથા એ.સી.પી. શ્રી એચ.ડી. ધાંધલીયા સાહેબ તથા શહેરકોટડા પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વી.ડી.વાળા તથા નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સબ.ઇન્સ. એચ.એલ.જેબલીયા તથા બીજા સ્ટાફના માણસો સાથે વિરસાવરકર સ્પોર્ટ સંકુલ ખાતે બિહાર રાજ્યમાં જનાર શ્રમિકોને ટ્રેન મારફતે મોકલવા સારૂ બંદોબસ્તમાં હાજર હતા તે વખતે પોલીસ ઇન્સ્પેકટરશ્રી વી.ડી.વાળા સાહેબેને માહીતગાર વર્તુળો દ્વારા જાણવા મળેલ કે બિહાર રાજ્યમાં જનાર શ્રમિકોને ટ્રેન મારફતે મોકલવા સારૂ વ્યક્તિ દિઠ ટોકન ટીકીટ આપવામાં આવે છે. જે ટોકન ટીકીટના સરકારશ્રી તરફથી નક્કી કરવામાં આવેલ ટોકન ટીકીટ કેટલાક માણસો શ્રમિકોને વધુ કિંમતે વેચાણ કરી શ્રમિકો સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કરી રહેલ છે જે હકીકત આધારે મેમ્કો ટોલનાકા પાસે આવેલ વિરસાવરકર સ્પોર્ટ સંકુલની બાજુમા આવેલ એ.એમ.ટી.એસ બસ સ્ટેશન પાસે જઈ કુલ્લે છ વ્યક્તિઓએ ભેગા મળી આર્થીક નાણાકીય લાભ મેળવવા સારૂ ગુનાહીત કાવતરૂ રચી સરકાર.શ્રી તરફથી બીહાર રાજયના શ્રમિકોને તેમના વતન મોકલવા સારૂ રૂપિયા ૭૫૦/- ના દરની ટોકન ટીકીટો કોઇપણ બહાને સરકારી અધિકારી/કર્મચારી પાસેથી મેળવી આ ટીકીટો પોતાના કબ્જામાં રાખી બિહાર જતા શ્રમિકોને વિશ્વાસમા લઈ એક ટીકીટ રૂપીયા ૧૦૦૦/- માં શ્રમિકોને વેચાણ આપી શ્રમિકો સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કરેલ હોય ટોકન ટીકીટોનુ કાળાબજારથી વેચાણ કરતા છ આરોપીઓને પકડી તેઓની પાસેથી મળી આવેલ ડેપ્યુટી મામલતદાર & એક્જીક્યુટીવ મેજી.અસારવા અમદાવાદનાઓના રાઉન્ડ શીલવાળી ટોકન ટીકીટ નંગ-૪૩ ની અસલ ટીકીટોની ઝેરોક્ષ કોપી તથા અંગઝડતીના નાણા રોકડા રૂપીયા ૬૦,૦૫૦/- તથા મોબાઇલ નંગ-૬ કિં.રૂ.-૨૪,૦૦૦/- ગણી કુલ્લે કિ.રૂ.૮૪,૦૫૦/- નો મત્તાના મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરી પકડાયેલ આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

# જુગારના આરોપીની અટકાયતની વિગત

## શાહીબાગ પોલીસ સ્ટેશન :-

## ગણનાપાત્ર જુગારનો કેસ શોધી સાત ઇસમોને પકડતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ'ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનિ.પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે આજરોજ તા.૨૫/૦૫/૨૦૨૦ ના રોજ સર્વેલન્સ સ્કવોડના સ્ટાફના માણસો સાથે પ્રોહી/જુગારની પ્રવૃત્તિ અટકાવવા સારું પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી હકીકત મળેલ કે "જયહિંદ સોસા.ના ગેટની બાજુમાં ખુલ્લી જગ્યામાં પૈસા પાનાથી તીન પત્તીનો હારજીતનો જુગાર રમે છે." જે હકીકત આધારે રેઇડ કરતા સાત ઇસમો જુગારના સાધનો સાથે મળી આવતા તેમના વિરુધ્ધમાં ધી જુગારધારા કલમ-૧૨ મુજબ તથા મે.પોલીસ કમીશ્નરશ્રીની કચેરીના જાહેરનામા ક્રમાંક:વિ.શા/જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૨૨/૨૦૨૦ તા.૨૪/૦૫/૨૦૨૦ ના જાહેરનામાં ભંગ બદલ ધી ઇપીકો કલમ-૧૮૮ તથા જીપીએકટ કલમ-૧૩૫ તથા એપેડેમીક ડીસીઝ એકટની કલમ-3 તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટની કલમ-૫૧(બી) મુજબ અલાયદી કાર્યવાહી કરી સારી કામગીરી કરે છે.

**આરોપીઓના નામ ;-** (૧) સુખવીરસિંહ કેશવસિંહ જાતે-શિકરવાર ઉ.વ.૩૨ ધંધો-રી.ડ્રા.રહે-મ.નં.૩૫ પુંજાલાલની ચાલી,મેમ્કો બ્રીજ પાસે,શહેરકોટડા,શાહીબાગ, અમદાવાદ શહેર (૨) રૂષભ ઉર્ફે ચીંટુ રવિન્દ્રભાઇ કડીયા ઉ.વ.૨૪ ધંધો-છુંટક મજુરી રહે-જયહિંદ સોસા.મોહનસિનેમા પાસે, શાહીબાગ, અમદાવાદ શહેર (૩) યોગેન્દ્ર હર્ષદભાઇ મારવાડી ઉ.વ.૩૦૧ ધંધો-નોકરી રહે-મ.નં.૩૬ જયહિંદ સોસા.મોહનસિનેમા પાસે, શાહીબાગ, અમદાવાદ શહેર (૪) અવદેશસિંગ જોગેશ્વરસિંગ ભદોરીયા ઉ.વ.૪૪ ધંધો-રી.ડ્રા.રહે-સરસ્વતીનગર છેલ્લા બસ સ્ટેન્ડ પાસે, મેઘાણીનગર,અમદાવાદ શહેર (૫) જશવંતભાઇ વિઠલભાઇ મહેરીયા ઉ.વ.૪૫ ધંધો-નોકરી રહે-મ.નં.બી/૧૪ રવિપાર્ક સોસા.લીંમડા બસ સ્ટેન્ડ પાસે, મેઘાણીનગર, અમદાવાદ શહેર તથા (૬) ફુલગીરી ગણેશગીરી બાવા ઉ.વ.૩૪ ધંધો-વેપાર રહે-મ.નં.બી/૧૨૦૬ જયહિંદ સોસા.મોહનસિનેમા પાસે, શાહીબાગ, અમદાવાદ શહેર (૭) મનોજ દિવાનસિંગ રાજપુત ઉ.વ.૩૦ ધંધો-રી.ડ્રા. રહે-વિજયમીલની ચાલી,શાંતીનિવાસ,નરોડા રોડ,શહેરકોટડા, અમદાવાદ શહેર

**મુદ્દામાલ ;-** અંગઝડતીમાંથી મળેલ રોકડા રૂ.૧૫૬૭૦/- તથા દાવના નાણા રૂ.૬૭૦/- કુલ્લે કિ.રૂ.૧૬૩૪૦/- તથા ગંજી પાના નંગ- ૫૨ કી.રુ.૦૦/૦૦ મળી કુલ્લે રુ.૧૬,૩૪૦/-
ની મત્તાનો

**કામગીરી કરનાર અધિ./કર્મચારી;-** અ.હે.કો.રોહીતસિંહ રણજીતસિંહ બ.નં.૫૬૮૨ તથા અ.પો.કો.રાજેશ અંબાલાલ બ.નં.૪૯૬૭ તથા અ.પો.કો.ભુપેંદ્રકુમાર કરશનભાઇ બ.નં.૪૬૧૮ તથા અ.પો.કો.સુરેન્દ્રસિંહ દોલતસિંહ બ.નં.૮૮૦૫ તથા અ.પો.કો.મુકેશભાઇ સાંકાભાઇ બ.નં.૪૯૧૧



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૫૩/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી, ૩૭ લીટર દેશી દારૂ, ૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૫૪/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.